ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.
સરદાર પટેલ વિદ્યુત ભવન રેસકોર્સ વડોદરા.
ફોન ૨૩૩૮૨૮૧ –૮૬ ફેકસ : ૨૩૩૭૯૧૮ ૨૩૩૮૧૬૪/ ૨૩૪૦૨૦૫
CIN U40109GJ2004SGC045195

ક્ર. જીયુવીએનએલ-ટેક-૨-આરએનઆર- ૨૦૪૪ તા. ૨૪.૧૦.૧૬

પ્રતિ

મેનેજીંગ ડીરેકટરશ્રી

દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની

કોર્પોરેટ ઓફીસ - સુરત - વડોદરા - મહેસાણા - રાજકોટ

વિષય - એક સર્વે નંબરમાં બે ખેતી વિષયક વીજ જોડાણ આપવા બાબત.

સંદર્ભ - ઉ અને પે વિભાગ ગાંધીનગરનો પરિપત્રાંક – જીયુવી-૨૦૧૬-૨૬૩૬-ક૧, તા. ૧૮.૧૦.૧૬

માનનીયશ્રી,

કૃષિ ક્ષેત્રે એક સર્વે નંબરમાં બીજુ ખેતી વિષયક વીજ જોડાણ આપવાની બાબત છેલ્લા કેટલાક સમયથી વિચારણાધીન હતી. રાજય સરકાર દ્વારા પૂખ્ત વિચારણાને અંતે રાજયના ખેડૂતોના હિતમાં એક કૃષિ વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોને એકં સર્વે નંબરમાં બીજુ વીજ જોડાણ આપવાની મંજૂરી તા. ૧૮.૧૦.૧૬ ના પરિપત્રાંક - જીયુવી-૨૦૧૬-૨૬૩૬-ક૧ થી નીચે જણાવેલ શરતો / ધારા ધોરણોને આધિન આપવાનુ ઠરાવેલ છે.

૧. અરજદાર/ ગ્રાહક ૮ (આઠ) એકરથી વધારે ક્ષેત્રફળ હોય તેવા સળંગ એક જ સર્વે નંબરમાં, બીજુ ખેતી વિષયક વીજ જોડાણ મેળવી શકશે. બીજા ખેતી વિષયક વીજ જોડાણ માટે પાત્રતા ધરાવનાર ખેડૂત માટે આ યોજના પરિપત્ર બહાર પડયા તારીખથી અમલી થશે અને અરજદારે લાગુ પડતી પેટા વિભાગીય કચેરીમાં જરુરી દસ્તાવેજો, સાદા કાગળ પર બાંહેધરી પત્ર અને નોંધણી ફી સહ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે, દરમીયાન અગાઉની આ પ્રકારની કોઇ પણ અરજી ધ્યાને લેવામાં આવશે નહી. સદર યોજનાનો પરિપત્ર બહાર પડયા બાદ અરજદારે નવેસરથી અરજી કરવાની રહેશે, પરિપત્ર બહાર પડયા બાદ અરજદારની નોંધણી બાદ જ પ્રતિક્ષા યાદીમાં તેનો ક્રમ ઉમેરાશે.

૨. અન્ય લાગુ પડતા કિસ્સામાં, જેમકે, ખેતી વિષયક વીજ જોડાણના સ્થળમાં ફેરફાર, પુનઃ જોડાણ વગેરેમાં, પ્રવર્તમાન પરિપત્ર મુજબના નિયમો/શરતોને આધીન, ખેતી વિષયક વીજ જોડાણની પ્રક્રિયા, આ યોજનાનો પરિપત્ર બહાર પડયા પછીના સામાન્ય અગ્રતા ક્રમ મુજબ, હાથ ધરવામાં આવશે. માંગણી વાળા સર્વે નંબરમાં જો એક ખેતી વિષયક વીજ જોડાણ હયાત હશે

તો તેનું ક્ષેત્રફળ ૮ (આઠ) એકરથી વધુ હોવું જોઈશે.

3. અન્ય વીજ મોટરનાં પ્રસ્થાપન, વાયરીંગ વગેરે માટેનો જરૂરી નવો ટેસ્ટ રીપોર્ટ, નિયત ફી સાથે રજુ કરવાનો રહેશે. સદર ટેસ્ટ રીપોર્ટમાં, નિયમાનુસાર વાયરીંગ, કુવા કે બોર સુધીના વાયરોની લંબાઈ, વાયરોનો પ્રકાર અને ક્ષમતા, બન્ને કુવા કે બોર વચ્ચેનું અંતર વગેરેના ઉલ્લેખ સાથેનો સ્પષ્ટ આંકનવાળો નકશો સાદા કાગળ પર રજુ કરવાનો રહેશે. તેમજ નિયમાનુસાર જરૂરી માનક અને ક્ષમતા સાથેની ELCB ફરજીયાત પ્રસ્થાપન કરીને જોડવાની રહેશે જેનો ઉલ્લેખ પણ ટેસ્ટ-રીપોર્ટમાં સ્પષ્ટપણે કરવાનો રહેશે.

૪ આવા ખેતી વિષયક વીજ જોડાણના ગ્રાહક, જો ગેરરીતીના કોઈ પણ કિસ્સા જેમકે વીજચોરી, અનઅધીકૃત વીજ વપરાશ કરવો, વગેરે કરતા માલૂમ પડે તો, વીજ અધિનિયમ ૨૦૦૩ અને વખતો વખત લાગુ પડતા અન્ય સુધારાઓને આધિન કાર્યવાહી કરવામાં આવશે

૫ એવા કિસ્સાઓ કે જેમાં, કોઈપણ યોજના હેઠળ અગાઉ એકજ સર્વે નંબરમાં એક કરતા વધુ ખેતી વિષયક વીજ જોડાણનો લાભ મેળવેલ હોય તેવા કિસ્સાઓમાં આ યોજના અંતર્ગત અન્ય ખેતી વિષયક વીજ જોડાણનો લાભ આપવામાં આવશે નહીં.

૬. આ પરિપત્રની સુચનાનો અમલ પરિપત્ર જાહેર કર્યાની તારીખથી અમલમાં રહેશે.

જાણ અને ક્ષેત્રીય કચેરી સ્તરે અમલીકરણની જરૂરી સૂચના આપવા સારૂ.

આપનો વિશ્વાસુ,

બીડાણ - બાહેંધરી પત્ર, અરજી પત્ર, સંદર્ભના પત્રની નકલ

કા.વા. મુખ્ય ઇજનેર (ટેક)

નકલ સાદર રવાના -

✓ મેનેજીંગ ડીરેકટરશ્રી જીયુવીએનએલ વડોદરા.

નકલ રવાના -

✓ લાયઝન ઓફિસરશ્રી માન. મંત્રીશ્રી (ઉર્જા) કાર્યાલય, પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.

✓ સેકશન ઓફીસરશ્રી (ક-૧ શાખા) ઉ અને પે વિભાગ સચિવાલય ગાંધીનગર.

✓ સરકારી સંદર્ભ વિભાગ, જીયુવીએનએલ, વડોદરા.

✓ અધ્યક્ષશ્રી, ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ,
બલરામ મંદિર પરિસર,
કલેક્ટર ઓફિસ સામે,
'ઘ' રોડ, સેક્ટર 12-D, ગાંધીનગર.

✓ અધ્યક્ષશ્રી, ગુજરાત ખેડુત સમાજ, ખેતભવન, કારગો મોટરની સામે, ગાંધી આશ્રમ પાસે, અમદાવાદ - ૩૮૦૦૨૭



7-316/1

<u>બીજા ખેતી વિષયક વીજ જોડાણની માંગણી વખતે આપવાની વિગતો.</u>

ગ્રાહકનું નામ -

ગ્રાહક નંબર -

ગામ.................. સર્વે નંબર -

જમીનનું ક્ષેત્રફળ ..................

તાલુકો .................. જીલ્લો............

પ્રતિ,

નાયબ ઈજનેરશ્રી (સં / નિ)

............................... પેટા વિભાગીય કચેરી

............................... ગુજરાત વીજ કંપની લી.

...............................

વિષય - એક સર્વે નંબરમાં બીજુ ખેતી વિષયક વીજ જોડાણ આપવા બાબત.

સાહેબશ્રી,

હું / અમો નીચે સહી કરનાર અરજદાર ૧) ........................................................................ ૨)...................................................... મારા / અમારા હાલના ખેતી વિષયક વીજ જોડાણ કે જે મારા ઉપરના સરનામે આવેલ છે એમાં બીજું ખેતી વિષયક વીજ જોડાણ નીચેના કારણોસર લેવા એ-૧ ફોર્મ, નોંધણી ફી, જરૂરી દસ્તાવેજો અને બાંહેધરી પત્ર સાથે અરજી કરુ છુ / કરીએ છીએ.

<u>બીજું ખેતી વિષયક વીજ જોડાણ મેળવવાના કારણ - કારણો</u>

બીજુ ખેતી વિષયક વીજ જોડાણ હું નકકી થયેલ ધારા ધોરણો અનુસાર લેવા સંમત છુ અને એ માટે મારી અરજી સ્વીકારવા વિનંતી છે.

આભારસહ,

બીડાણ - અરજદારની સહી

એ-૧ ફોર્મ, બાંહેધરી પત્ર અને જરૂરી દસ્તાવેજો

# બાહેંધરી પત્ર

હું/ અમો નીચે સહી કરનારનું એક ખેતીવિષયક વીજજોડાણ કે જે ગ્રાહક નંબર ____________ અને ગ્રાહકનું નામ ________________________ થી મોજે સળંગ સર્વે નંબર________, ક્ષેત્રફળ_______એકર, ગામ_________ તા.__________ જી._________ ખાતે આવેલ છે અને તેનો કરારિત વીજભાર ______હો.પા. છે. હું/ અમો હાલ આ સર્વે નંબરમાં બીજા ખેતીવિષયક વીજ જોડાણ મેળવવા અરજી કરેલ છે. જેનો ઉલ્લેખ અને આંકન, આ સાથે સામેલ નકશા મુજબ છે અને તે માટે હું / અમો સોગંદપૂર્વક જાહેર કરીએ છીએ કે,

1. હું/ અમો ફક્ત કરારિત વીજભારની મર્યાદામાં જ ફક્ત ખેતી વિષયક પિયત હેતુ અને મારા આ ખેતીવિષયક વીજ જોડાણ વાળા, નકશામાં દર્શાવેલ સર્વે નંબરમાં કરીશ/ કરીશું. તેમજ હાલ મારા /અમારા આ સર્વે નંબરમાં એક જ ખેતીવિષયક વીજ જોડાણ છે અને તેમાં એક ખેતીવિષયક વીજ મોટર હયાત છે.
2. બીડાણ મુજબ નકશામાં દર્શાવેલ કુવા કે બોર પર મોટર/ મોટરો, તેના વાયરીંગ/ કેબલની પ્રકાર ક્ષમતા, ELCB વગેરે માં કોઈપણ ફેરફાર થયે તુરંત નવો ટેસ્ટ રીપોર્ટ રજુ કરીશ/ કરીશું અને તેમ કરવામાં નિષ્ફળ ગયે _______ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા આપવામાં આવેલ આ ખેતીવિષયક વીજ જોડાણ કાપી શકે છે.
3. હું/ અમો દ્વારા રજુ કરાયેલ અરજી, ટેસ્ટ રીપોર્ટ અને નકશા વગેરેની સંપૂર્ણ વિગતો ખરી છે અને તેમાં વિસંગતતા જણાયે _______ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા આપવામાં આવેલ ખેતીવિષયક વીજ જોડાણ રદ્દ કરી શકે છે અને તેમાં મને/ અમોને કોઈ વાંધો હરકત રહેશે નહિ.
4. આવા ખેતી વિષયક વીજજોડાણમાં કોઈપણ પ્રકારના અકસ્માત માટે હું/અમો સંપૂર્ણપણે જવાબદાર છું/છીએ અને તે માટે _______ ગુજરાત વીજ કંપની લીમીટેડ સામે કોઈ દાવો કે તકરાર કરીશ/કરીશું નહિ.
5. હું/ અમો જો ગેરરીતિના કોઇપણ કિસ્સા જેમ કે વીજચોરી, અનધિકૃત વીજ વપરાશ કરવો વગેરે કરતા જણાયે, _______ ગુજરાત વીજ કંપની લીમીટેડ વીજ અધિનિયમ ૨૦૦૩ અને વખતો વખત લાગુ પડતા અન્ય સુધારાઓને આધીન કાર્યવાહી કરવામાં આવશે. તેમાં મને/ અમોને કોઈ વાંધો હરકત રહેશે નહિ તેમજ તે અંગે _______ ગુજરાત વીજ કંપની લીમીટેડ સામે કોઈ દાવો કે તકરાર કરીશ/ કરીશું નહિ.

આ બાબતે અમોએ અમારી સંપૂર્ણ સભાન અવસ્થામાં કોઇપણ જાતના દબાણ વિના, સાક્ષીની હાજરીમાં સહી/ સહીઓં કરી આપેલ છે.

૧. અરજદાર ગ્રાહકની સહી        સાક્ષીઓ નામ/સહી ૧. (__________) ૨.(________)

સયુંકત ભાગીદારી/ માલિકીના કિસ્સામાં અન્ય તમામ ભાગીદાર/ માલિકોનામ/ સહી

૧. __________ ૨____________ ૩____________ ૪.____________ ૫.___________

નોંધ: લાગુ ના પડતું હોય તે છેકી નાખવું.

7356
3

રાજ્યના કૃષિ વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને એક સર્વે નંબરમાં બીજુ વીજ જોડાણ મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
પરિપત્ર ક્રમાંક:જીયુવી-૨૦૧૬-૨૬૩૬-ક૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 18 OCT 2016

વંચાણે લીધા:

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાનો તા.૧૯/૦૯/૨૦૧૬ નો પત્ર ક્રમાંક: જીયુવીએનેલ-ટેક-SAM-૧૮૧૧ (૧૮૧૪)

પ્રસ્તાવના:

રાજ્ય સરકારની હાલની નીતિ અનુસાર કૃષિ વીજ ગ્રાહકને એક સર્વે નંબરમાં એક જ વીજ જોડાણ મંજૂર કરવામાં આવે છે. અલબત્ત, આ નિયમના કારણે મોટા સર્વે નંબરના ખાતેદાર ખેડૂતો પૂરેપૂરી જમીનમાં સિંચાઇ કરી શકતા ન હતા. ખેડૂતોની આ ગંભીર સમસ્યા અંગેની રજુઆતો રાજ્યના વિવિધ ખેડૂત મંડળો અને કીસાનસંઘ તરફથી રાજ્ય સરકારને મળતી રહેતી હતી. ખેડૂતોની આ સમસ્યાનો ઝડપી ઉકેલ આવે અને રાજ્યની મહત્તમ ખેતીની જમીનને સિંચાઇની સગવડ પૂરી પાડી શકાય તે માટે રાજ્ય સરકાર દ્વારા એક કૃષિ વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને એક સર્વે નંબરમાં બીજુ વીજ જોડાણ મંજૂર કરવાની બાબતે સઘન વિચારણા હાથ ધરવામાં આવેલ.

પરિપત્ર:

આથી, રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે રાજ્યના ખેડૂતોના હિતમાં એક કૃષિ વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને એક સર્વે નંબરમાં બીજુ વીજ જોડાણ આપવાની મંજૂરી નીચેની શરતો/ધારાધોરણોને અધિન આપવાનો નિર્ણય કરવામાં આવે છે.

૧ અરજદાર/ગ્રાહક ૮ (આઠ) એકરથી વધારે ક્ષેત્રફળ હોય તેવા સળંગ એક જ સર્વે નંબરમાં, બીજુ ખેતી વિષયક વીજ જોડાણ મેળવી શકશે. બીજા ખેતી વિષયક વીજ જોડાણ માટે પાત્રતા ધરાવનાર ખેડૂત માટે આ યોજના પરિપત્ર બહાર પડ્યા તારીખથી અમલી થશે અને અરજદારે લાગુ પડતી પેટા વિભાગીય કચેરીમાં જરૂરી દસ્તાવેજો, સાદા કાગળ પર બાંહેધરી પત્ર અને નોંધણી ફી સહ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે, દરમિયાન અગાઉની આ પ્રકારની કોઇ પણ અરજી ધ્યાને લેવામાં આવશે નહી. સદર યોજનાનો પરિપત્ર બહાર પડયા બાદ અરજદારે નવેસરથી અરજી કરવાની રહેશે, પરિપત્ર બહાર પડયા બાદ અરજદારની નોંધણી બાદ જ પ્રતિક્ષા યાદીમાં તેનો ક્રમ ઉમેરાશે.

૨ અન્ય લાગુ પડતા કિસ્સામાં, જેમકે, ખેતી વિષયક વીજ જોડાણના સ્થળમાં ફેરફાર, પુનઃ

7356
5

જોડાણ વગેરેમાં, પ્રવર્તમાનપરિપત્ર મુજબના નિયમો/શરતોને આધિન, ખેતી વિષયક વીજ જોડાણની પ્રક્રિયા, આ યોજનાનો પરિપત્ર બહાર પડયા પછીના સામાન્ય અગ્રતાક્રમ મુજબ, હાથ ધરવામાં આવશે. માંગણીવાળા સર્વે નંબરમાં જો એક ખેતી વિષયક વીજ જોડાણ હયાત હશે તો તેનું ક્ષેત્રફળ ૮ (આઠ) એકરથી વધુ હોવું જોઈશે.

૩ અન્ય વીજ મોટરનાં પ્રસ્થાપન, વાયરીંગ વગેરે માટેનો જરૂરી નવો ટેસ્ટ રીપોર્ટ, નિયત ફી સાથે રજુ કરવાનો રહેશે. સદર ટેસ્ટ રીપોર્ટમાં, નિયમાનુસાર વાયરીંગ, કુવા કે બોર સુધીના વાયરોની લંબાઈ, વાયરોનો પ્રકાર અને ક્ષમતા, બન્ને કુવા કે બોર વચ્ચેનું અંતર વગેરેના ઉલ્લેખ સાથેનો સ્પષ્ટ આંકનવાળો નકશો સાદા કાગળ પર રજુ કરવાનો રહેશે. તેમજ નિયમાનુસાર જરૂરી માનક અને ક્ષમતા સાથેની ELCB ફરજીયાત પ્રસ્થાપન કરીને જોડવાની રહેશે જેનો ઉલ્લેખ પણ ટેસ્ટ-રીપોર્ટમાં સ્પષ્ટપણે કરવાનો રહેશે.

૪ આવા ખેતી વિષયક વીજ જોડાણના ગ્રાહક, જો ગેરરીતીના કોઇપણ કિસ્સા જેમકે વીજચોરી, અનધિકૃત વીજ વપરાશ કરવો, વગેરે કરતા માલુમપડે તો, વીજ અધિનિયમ ૨૦૦૩ અને વખતો વખત લાગુ પડતા અન્ય સુધારાઓને આધિન કાર્યવાહી કરવામાં આવશે.

૫ એવા કિસ્સાઓ કે જેમાં, કોઈપણ યોજના હેઠળ અગાઉ એકજ સર્વે નંબરમાં એક કરતા વધુ ખેતી વિષયક વીજ જોડાણનો લાભ મેળવેલ હોય તેવા કિસ્સાઓમાં આ યોજના અંતર્ગત અન્ય ખેતી વિષયક વીજ જોડાણનો લાભ આપવામાં આવશે નહિ.

૬ પરિપત્રની સૂચનાનો અમલ પરિપત્ર જાહેર કર્યાની તારીખથી અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. સી. પટેલ)
સરકારના નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ:

- નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગતસચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉપેવિ) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા

7356
5

- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- પસંદગી ફાઇલ

7356/6